## સ્વાધ્યાય 5.3

1. **અહીં આપેલા પ્રયોગમાં તમને જોવા મળતી શક્યતાઓની યાદી બનાવો.**

(a) **ફરતું ચક્ર**




જ. અહીં કુલ ચાર મૂળાક્ષરો હોવાથી મળતી શક્યતાઓ 4 છે. A, B, C અને D.

(b) **એક સાથે બે સિક્કા ઉછાળવા**

દરેક સિક્કામાં બે શક્યતાઓ રહેલી છે. HEAD (H) અને TAIL (T).

તેથી મળતી શક્યતાઓ HH, HT, TH, TT છે.

2. **પાસાને ફેંકવાથી મળતાં પરિણામની મદદથી નીચે પૈકીની ઘટના બનવાની શક્યતા ચકાસો :**

(i) (a) **અવિભાજ્ય સંખ્યા**

અવિભાજ્ય સંખ્યા મળવાની શકયતા 2, 3 અને 5 છે.

(b) **અવિભાજ્ય ન હોય તેવી સંખ્યા**

અવિભાજ્ય ન હોય તેવી સંખ્યા મળવાની શકયતા 1, 4 અને 6 છે.

(ii) (a) **5 કરતાં મોટી સંખ્યા**

5 કરતાં મોટી સંખ્યા મળવાની શકયતા 6 છે.

(b) **5 કરતાં મોટી ન હોય તેવી સંખ્યા**

5 કરતાં મોટી ન હોય તેવી સંખ્યા મળવાની શકયતા 1, 2, 3, 4 અને 5 છે.

**3. સંભાવના શોધો.**

**(a) પ્રશ્ન 1 (a) ની આકૃતિમાં દર્શક કાંટો વૃતાંશ D પર સ્થિર થાય.**

જ. દર્શક કાંટો વૃતાંશ પર સ્થિર થવાની કુલ 5 શક્યતાઓ છે.

દર્શક કાંટો વૃતાંશ D પર સ્થિર થવાની કુલ 1 શક્યતા છે.

$$\therefore \text{સંભાવના} = \frac{\text{ઘટના બનવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{1}{5}$$

**(b) સારી રીતે ચીપેલાં પાનાની જોડમાંથી એક પાનું યાદ્રિચ્છક રીતે પસંદ કરીએ અને તે એક્કો હોય.**

જ. એક પાનું પસંદ થવાની કુલ 52 શક્યતાઓ છે.

એક્કાનું પાનું પસંદ થવાની કુલ 4 શક્યતાઓ છે.

$$\therefore \text{સંભાવના} = \frac{\text{ઘટના બનવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{4}{52} = \frac{1}{4}$$

**(c) લાલ સફરજન મળવાની શક્યતા**

જ.




સફરજન મળવાની કુલ શક્યતા 7 છે.

લાલ સફરજન મળવાની શક્યતા 4 છે.

$$\therefore \text{સંભાવના} = \frac{\text{ઘટના બનવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{4}{7}$$

**4. એક ચબરખી પર માત્ર એક જ નંબર લખેલ હોય તેવી કુલ 10 ચબરખી પર 1 થી 10 અંકો લખીને તેને એક ખોખામાં રાખી તેને સારી રીતે મેળવવામાં આવે છે. તેમાંથી કોઈ એક ચબરખી જોયા વગર પસંદ કરવામાં આવે છે. તો, નીચેની ઘટનાઓ માટે સંભાવના શોધો.**

**(i) ચબરખી પર ની સંખ્યા 6 હોય.**

ચબરખી પસંદ થવાની કુલ શક્યતા 10 છે.

ચબરખી પર ની સંખ્યા 6 ની શક્યતા 1 છે.

$$\therefore \text{સંભાવના} = \frac{\text{ઘટના બનવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{1}{10}$$

**(ii) ચબરખી પર ની સંખ્યા 6 કરતાં નાની હોય.**

ચબરખી પસંદ થવાની કુલ શક્યતા 10 છે.

ચબરખી પર ની સંખ્યા 6 કરતાં નાની ની શક્યતા 5 છે.

$$\therefore \text{સંભાવના} = \frac{\text{ઘટના બનવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{5}{10} = \frac{1}{2}$$

**(iii) ચબરખી પર ની સંખ્યા 6 કરતાં મોટી હોય.**

ચબરખી પસંદ થવાની કુલ શક્યતા 10 છે.

ચબરખી પર ની સંખ્યા 6 કરતાં મોટી ની શક્યતા 4 છે.

$$\therefore \text{સંભાવના} = \frac{\text{ઘટના બનવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{4}{10} = \frac{2}{5}$$

**(iv) ચબરખી પર ની સંખ્યા એક અંકવાળી હોય.**

ચબરખી પસંદ થવાની કુલ શક્યતા 10 છે.

ચબરખી પર ની સંખ્યા એક અંકવાળી ની શક્યતા 9 છે.

$$\therefore \text{સંભાવના} = \frac{\text{ઘટના બનવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{9}{10}$$

**5. જો તમારી પાસે 3 લીલાં રંગનાં વૃતાંશો, 1 વાદળી રંગનું વૃતાંશ અને 1 લાલ રંગનું વૃતાંશ ધરાવતું ચક્ર હોય તો લીલા રંગનું વૃતાંશ મળવાની સંભાવના કેટલી ? વાદળી રંગનું ન હોય, તેવાં વૃતાંશ મળવાની સંભાવના કેટલી?**

**જ.** વૃતાંશ મળવાની કુલ શક્યતા 5 છે.

લીલાં રંગનાં વૃતાંશો 3 છે.

$$\therefore \text{સંભાવના} = \frac{\text{ઘટના બનવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{3}{5}$$

વાદળી રંગનું ન હોય તેવાં વૃતાંશ મળવાની કુલ શક્યતા 5 – 1 = 4 છે.

$$\therefore \text{સંભાવના} = \frac{\text{ઘટના બનવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{4}{5}$$

**6. ઉપરોક્ત પ્રશ્ન માં આપેલી ઘટનાઓ માટે સંભાવના શોધો.**

અહીં કુલ શક્યતા 6 છે.

**(i) (a) અવિભાજ્ય સંખ્યા મળવાની શકયતા 2, 3 અને 5 એટલે કે 3 છે.**

$$\therefore \text{સંભાવના} = \frac{\text{ઘટના બનવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{3}{6} = \frac{1}{2}$$

**(b) અવિભાજ્ય ન હોય તેવી સંખ્યા મળવાની શકયતા 1, 4 અને 6 એટલે કે 3 છે.**

$$\therefore \text{સંભાવના} = \frac{\text{ઘટના બનવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{3}{6} = \frac{1}{2}$$

**(ii) (a) 5 કરતાં મોટી સંખ્યા મળવાની શકયતા 6 એટલે કે 1 છે.**

$$\therefore \text{સંભાવના} = \frac{\text{ઘટના બનવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{1}{6}$$

**(b) 5 કરતાં મોટી ન હોય તેવી સંખ્યા મળવાની શકયતા 1, 2, 3, 4 અને 5 એટલે કે 5 છે.**

$$\therefore \text{સંભાવના} = \frac{\text{ઘટના બનવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{5}{6}$$